# સિમ્ફની લિમિટેડે BLDC ટેક્નોલોજી દ્વારા સંચાલિત વિશ્વની સૌપ્રથમ એર કૂલર રેન્જ લોન્ચ કરી

**રાજકોટ તા. ૨૦**

ઈવોપરેટિવ એર કૂલર્સમાં વૈશ્વિક અગ્રણી સિમ્ફની લિમિટેડે BLDC ટેક્નોલોજી દ્વારા સંચાલિત વિશ્વની સૌપ્રથમ એર કૂલર રેન્જ લોન્ચ કરી છે. અત્યંત ઉર્જા કાર્યક્ષમ એવી, BLDC એર કૂલર રેન્જ, અન્ય કૂલરની સરખામણીમાં ૬૦% જેટલી ઓછી વીજળી વાપરે છે જેના પરિણામે દર વર્ષે રૂ. ૨,૦૦૦ સુધીની ઊર્જા બચત થાય છે.

કંપનીએ BLDC રેન્જમાં ૮૦ લિટર, ૫૫ લિટર અને ૩૦ લિટરની ક્ષમતાના ૩ મોડલ લોન્ચ કર્યા છે. અત્યંત ઊર્જા કાર્યક્ષમ હોવા ઉપરાંત, તે વધારાની સુવિધાઓથી પણ સુસજ્જ છે જેમ કે ૭- સ્પીડ ઓપ્શન્સ, ૮ કલાક સુધી નાઈટ સ્લીપ મોડ, ટચસ્ક્રીન કંટ્રોલ પેનલ, એમ્પ્ટી વોટર ટેંક એલાર્મ વગેરે. સિમ્ફની કૂલર્સ કાર્બન ફૂટપ્રિન્ટ ઘટે તે પ્રમાણે તૈયાર કરાયા છે જે પ્રતિ કૂલર પ્રતિ વર્ષ ૧૮ વૃક્ષો વાવવા બરાબર છે* અને એર કંડિશનરની સામે માત્ર ૧૦% ઊર્જાનો વપરાશ કરે છે.

આ અંગે ટિપ્પણી કરતાં સિમ્ફની લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર અચલ બકેરીએ જણાવ્યું હતું કે, સિમ્ફની ખાતે, અમે આજે આવતીકાલનું વિચારીએ છીએ. અમારો પ્રયાસ હંમેશા આપણા ગ્રહ અને તેના રહેવાસીઓ માટે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરવાનો રહ્યો છે જે અમારી બ્રાન્ડ ટેગલાઇન - 'થિંકિંગ ઓફ ટુમોરો' દ્વારા પ્રતિબિંબિત થાય છે. અમને ખાતરી છે કે આ નવી એર-કૂલિંગ રેન્જ સાથે, સિમ્ફની એર કૂલિંગના ભવિષ્યમાં ક્રાંતિ લાવશે અને ગ્રાહકો માટે ટકાઉ કૂલિંગ સોલ્યુશન્સના ગ્લોબલ લીડર તરીકે અમારી સ્થિતિને મજબૂત બનાવશે.